dakshinayan
દક્ષિણાયન

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC

VNSGU

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

Veer Narmad South Gujarat University, Surat

January 2016 | For private circulation only | Vol. 08 - Issue 164

શિક્ષક બનવું એ તપ છે,
અને એ તપનું ફળ એટલે વિદ્યાર્થીઓનું વાત્સલ્ય
અને નિષ્ઠાનો આત્મસંતોષ

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

શિક્ષકનું કર્મ :

શિક્ષણકાર્ય પોતે ક્યારેય પુનરાવર્તિત ન થતી એવી એક પ્રક્રિયા છે. શિક્ષકનું કાર્યક્ષેત્ર એટલે તેનો વર્ગ, પરિવર્તન અને ભિન્નતાની શક્યતાઓથી વ્યાપ્ત હોય છે. વર્ગની આસપાસનો પરિવેશ સતત પરિવર્તનશીલ હોય છે. શિક્ષક પોતે પરિવર્તન પામે છે. પર્યાવરણમાંની આ પરિવર્તનશીલતા શિક્ષકના કર્મને સર્જનશીલ બનાવવા માટે પૂરતી હોય છે. શિક્ષક જો પરિવેશમાંની પરંપરાગત વિચારહીન અને ટેવ પર આધારિત પ્રતિક્રિયાઓને અવગણીને તથા જૂનાં અને નવાં તત્ત્વોનું પરીક્ષણ કરીને પોતાનું શિક્ષણકાર્ય યોજાતો હોય તો તેનું સર્જનશીલતાનું તત્ત્વ દેખાઈ આવે. પરંતુ જો એ શિક્ષક પોતાની કાર્ય યોજનામાં અસામાન્ય એવા વ્યવહારોની તરાહોનું નિર્માણ કરતો રહે તો તેનું શિક્ષણકાર્ય સર્જનાત્મક છે એવું લાગે. જોકે બધા જ શિક્ષકને માટે આખો વખત સર્જનાત્મક શિક્ષણકાર્ય કર્યા કરવું શક્ય નથી. છતાં પોતાનાં કાર્ય નિત્યનવીન બનાવવા માટે શિક્ષકે સખત અને સતત પરિશ્રમ તો કરવો જ પડે ને ? શિક્ષક એક એવો વ્યક્તિ છે જે ધારે ત્યારે કંઈક નવું કર્યાનો આનંદ લઈ શકે. તેથી શિક્ષક પાઠ્યક્રમમાંના કયા અંશોમાં પોતે પોતાની બીજભૂત શક્તિનો વધુમાં વધુ ઉપયોગ કરી શકે તેમ છે તે અને કયા અંશો સામાન્ય રીતે શીખવી શકાય તેવા છે તેનો નિર્ણય આયોજન વખતે કરવાનો રહે.

શિક્ષકની સર્જનશીલતાની જો વાત કરતા હોઈએ તો પછી તેની કૃતિનું શું ? કૃતિ તો સર્જન પ્રક્રિયાનું પરિણામ છે. શિક્ષકના સંદર્ભમાં આવી કૃતિ એટલે બાળકો. પરંતુ કવિની કૃતિ કાવ્ય એવા કારીગરની કૃતિ કોઈ નમૂનો અને શિક્ષકની કૃતિ બાળક આ બેની તુલના કરી શકાય નહિ. શિલ્પી જે રીતે કોઈ સ્ટેચ્યુનું સર્જન કરે એ રીતે શિક્ષક બાળકનું સર્જન ન કરી શકે છે, તેના પર શિક્ષકની સર્જનાત્મક કૃતિની ગુણવત્તાનો આધાર છે. બાળક શીખી શકે, આનુભવી શકે એ માટે શિક્ષક વર્ગમાં તકોનું સર્જન કરતો હોય તેના ઉપરથી તેની સર્જનશીલતાનો ખ્યાલ આવે. જેમ શિક્ષક વધારે સર્જનશીલ તેમ બાળકોને અનુભવો મેળવવાની, પોતાની સર્જનશીલતાને પ્રકટ કરવાની, શીખવાની, મનન કરવાની, વિચારવાની, નવી તરાહોનું નિર્માણ કરવાની, નવા આકારો ઉપસાવવાની વધારે ને વધારે તકો મળતી રહે. સર્જનશીલતારહિત શિક્ષકના શિક્ષણકાર્યમાં આવી તકોનો સદંતર અભાવ હોય.

સર્જનશીલ શિક્ષકનું વ્યક્તિત્વ અને વર્તનઃ

મૌલિકતાનો આગ્રહઃ શિક્ષક પોતે જે કાંઈ કરતો હતો તેમાં તેને ફેરફાર કરવાની જરૂર જણાય. પરિસ્થિતિના સંદર્ભમાં આયોજન, સલાહસૂચનો, શિક્ષણશાસ્ત્રના નિયમો એ બધાને પળવારને માટે બાજુએ રાખીને એ કોઈક જગ્યાએ પોતાના 'સ્વ'નો ઉપયોગ કરતો હોય. પોતાના શિક્ષણકાર્યમાં વખતોવખત નવું ઉમેરે, જરૂર જણાયે જૂનું બાદ કરે, વાંચે, પોતે વિચાર કરે, વિચારીને શીખવવા જાય, શીખવ્યા પછી પણ વિચાર કરે અર્થાત્ મૌલિકતાનો આગ્રહી શિક્ષક પુસ્તક અને વિદ્યાર્થીની વચ્ચે માહિતી વાહક યંત્ર તરીકે કામ કરતો ન હોય.

નમનશીલતાઃ

પોતાના વિચારો, ખ્યાલો, માન્યતાઓ, જ્ઞાન, માહિતી વગેરેમાંથી જે કાંઈ ખોટું હોય તેનો સ્વીકાર કરવાની નમ્રતા અને આવશ્યકતાનુસાર બદલતા રહેવાની તૈયારી એટલે નમનશીલતા. નમનશીલતા એટલે કે કોમળતા-ઋજુતા. 'વા ફરે વાદળ ફરે' તોપણ હું બોલ્યો એ જ સાચું એવું માનનારો શિક્ષક સર્જનશીલ શિક્ષક ન હોઈ શકે. ભૂલનો સ્વીકાર અને સુધારવાની તૈયારી. પોતે જ પોતાની ભૂલો, મર્યાદાઓ શોધતા રહેવાની અને મઠારતા રહેવાની સભાનતા. નમનશીલતા સર્જકને વધારે સમૃદ્ધ બનાવે છે. આમ છતાં નમનશીલ બનવું એનો અર્થ એ નથી કે અનુયાયી બની જવું.

વિચારસમૃદ્ધિઃ

વિચારદારિદ્રય માણસને સર્જક બનવાં દેતું નથી. શિક્ષકને વિચારદારિદ્રય કદાચ માહિતી આપનાર શિક્ષક તરીકે કાયમી થવા દે, પરંતુ સર્જક ન બનવા દે. શિક્ષકની પાસે નવા નવા વિચારોની સમૃદ્ધિ હોય તો જ પોતાના કામમાં હરઘડી નવીનતા લાવી શકે, બાળકોને નવીનતા તરફ દોરી જઈ શકે. આવો શિક્ષક પરિસ્થિતિ પર, બાળકના વર્તન પર, પાઠ્યક્રમના મુદ્દા પર, નાનામાં નાના શબ્દાસ્વરૂપ પર કે તેના અર્થ પર વિચાર કરતો હોય. વિચાર્યા વિના વર્ગમાં ન જાય. પોતાના શિક્ષણકાર્યની યોજનાને તાર્કિક ક્રમમાં ગોઠવે, વર્ગમાં તાર્કિક ક્રમમાં આગળ વધે, વર્ગમાં જઈ ને ધૂંઆધાર ભાષણબાજી કરતો નથી. વિચારને માટેની સમસંવેદના એ આવા શિક્ષકનો વિશેષ છે.

પુનરાવૃત્તિ માટેની નફરતઃ

એકનું એક કામ યા એકની એક પ્રવૃત્તિ ફરીફરીને કરવાનો કંટાળો. પ્રત્યેક વખતે આગળના અનુભવનું પુનરાવર્તન ન કરતાં એ અનુભવને મઠારવાની પુનઃરચના કરવાની ટેવ એ સર્જનશીલતાની નિશાની છે.

સામગ્રી અને અવસરને માટેની સંવેદનશીલતાઃ

સર્જનશીલ શિક્ષક પોતાને ખપની સામગ્રીનું જતન કરે છે. સામગ્રીને ઉપયોગ સમજે છે, તથા તેની પાસેથી પૂરતું અને ધાર્યું કામ લેવાને આતુર હોય છે. એ જ રીતે પોતાના શિક્ષણકાર્યમાં ઊભી થતી તકોનો વધુમાં વધુ ઉપયોગ કઈ રીતે કરી શકાય એ બાબતની હંમેશા ચિંતા સેવતો હોય છે.

આ બધી બાબતો ઉપરાંત સર્જનશીલ શિક્ષકના વર્તનની બીજી પણ ઘણી ખાસિયતો હોઈ શકે, જેનું શાબ્દિક નિરૂપણ કદાચ શક્ય ન બને, કિંતુ એનું અવલોકન કરીને તેની સર્જનશીલતા પારખી શકાય. શિક્ષકના આવા વર્તનવિશેષને પારખવા માટે અવલોકનકાર નીચેના જેવા પ્રશ્નો પર વિચાર કરી શકે :

જરૂર જણાય ત્યારે શિક્ષક વર્ગમાં બાળકોની વચ્ચેથી ખસી જઈને વિદ્યાર્થીઓને પોતાની મેળે જ પોતાનો રસ્તો શોધવા દે છે ? કે પછી શિક્ષકે, વર્ગમાં ગયો એટલે, બાળકોને રસ્તો બતાવવો જ જોઈએ એવું માને છે ?

શિક્ષક પોતાના અને બીજાના વિચારો પર વિશ્વાસ મૂકી શકે છે ?

પોતાના વિદ્યાર્થીઓના ચિત્તમાં શું ચાલી રહ્યું છે એ જાણવાનું તેને કુતૂહલ છે ? કે પછી વિદ્યાર્થીઓની દેખીતી જ્ઞાનપ્રાપ્તિમાં જ એ રસ લે છે ?

શિક્ષક પોતાના વિદ્યાર્થીની પ્રાપ્તિનું તેના અધ્યયનના સ્વરૂપે મૂલ્ય આંકે છે ? કે એ પ્રાપ્તિને પેતાના પરિશ્રમનું ફળ માનીને પોતાની જાતને જ શ્રેય આપે છે ?

વિશ્વાર્થીનો ઉપયોગ વિદ્યાર્થીના વિકાસને માટે કરે છે, પોતાના અંગત સ્વાર્થને માટે કરે છે ?

આવા પ્રશ્નોનો વિચાર શિક્ષકના રોજબરોજના કર્તવ્યને આધારે વધુ સારી રીતે થઈ શકે. આ પ્રશ્નોના ઉત્તરો શિક્ષકના સર્જનાત્મક વ્યકિતત્વ અને વર્તન તરાહોનો નિર્દેશ કરનારા બની રહે એ સ્વાભાવિક છે.

સર્જનશીલ શિક્ષણઃ

શિક્ષણકાર્યની સમગ્રતાઃ શિક્ષણકાર્યને સર્જનાત્મક અનુભવના સ્વરૂપે જોતાં તેમાં સમગ્ર અને અંશના સંબંધની લાક્ષણિકતા સમાવિષ્ટ થયેલી દેખાય છે. શિક્ષક જયારે નાનામાં નાનુ કૌશલ્ય શીખવતો હોય, ત્યારે તેને માટે એ કૌશલ્યની સાથે સંકળાયેલા અનેકવિધ તંતુઓના માનવજાતના વિકાસમાંના પરિણામોને જોવા સુધીના પરિપ્રેક્ષ્યની વિશાળતા અનિવાર્ય બની જાય છે. અર્થાત્ શિક્ષક જયારે ઉચ્ચારનું કૌશલ્ય શીખવતો હોય ત્યારે તે.

- વિદ્યાર્થીના મુખમાંથી ઉચ્ચારણની યાંત્રિક સંરચના સમજતો હોય.

- પ્રત્યેક બાળકને સમજણ પડે એ ઉચ્ચારણનું વિજ્ઞાન સરળ બનાવી શકતો હોય.

- ઉચ્ચાર પર આધારિત અર્થ ઘટાવવાની પ્રત્યેક બાળની વૈયકિતક ભિન્નતાને ખ્યાલમાં લેતો હોય.

- ઉચ્ચારને શબ્દ, શબ્દનો અર્થ, શબ્દ અને અર્થનો વિચાર, વિચારની મૌખિક અભિવ્યકિત તથા અભિવ્યકિતનો માનવજીવન સાથેનો પ્રત્યાયનના સ્વરૂપે સંબંધ કેવો હોય છે એ જાણતો હોય.

આમ શિક્ષક જયારે પોતાના વિદ્યાર્થીને ઉચ્ચારશાસ્ત્રનું એક નાનકડું પાસું શીખવતો હોય છે ત્યારે તેના પરિપ્રેક્ષ્યમાં આટલી મોટી સમગ્રતા સમાવિષ્ટ થયેલી હોય છે. ટૂંકમાં કહેવાનું તાત્પર્ય એ છે કે સર્જનાત્મક શિક્ષણકાર્યમાં કૌશલ્ય અને કલા એવા અભિન્ન સંબંધથી જોડાયેલાં હોય છે, કે જો તેને જાણીબૂજીને અલગ પાડવાનો પ્રયત્ન કરવામાં આવે તો એ પ્રયત્ન શિક્ષક અને તેના શિક્ષણકાર્યની સર્જનશીલતાને વ્યાઘાત પહોંચાડનારો નીવડી શકે.

વિદ્યાર્થીનો સ્વીકારઃ

શિક્ષણકાર્ય દરમિયાન શિક્ષક બાળકનો સ્વીકાર કરે છે ? કઈ રીતે કરે છે ? એ પ્રશ્ન સ્પષ્ટીકરણ માગી લે છે, સર્જનાત્મક શિક્ષક માત્ર બાળકનું અવલોકન, બાળકને સ્પર્શ તથા બાળકની સાથે વાતચીત જ કરતો નથી, પરંતુ બાળકની સુષુપ્ત શકિતઓને, બાળકના 'ફૂલ'ને સૂંઘી જોવાનો, બાળકને સાંભળલાનો, બાળકને અનુભવવાનો અને બાળકને માણી જોવાનો પ્રયત્ન કરે છે. આમ સ્પર્શ કરવાથી બાળકોની ભિન્નતાઓનો અનુભવ થઈ શકતો નથી, બાળકોની પ્રબળ શકિતઓને શિક્ષક સહી લે એટલું પૂરતું નથી, બાળકનું બાળક હોવું એ શિક્ષકના આસ્વાદનો વિષય બની રહે છે.

"શિક્ષણમાં સૌથી મહત્વની બાબત હોય તો તે છે વિદ્યાર્થીઓમાં 'આપણે કરી શકીએ'નો પડકાર ઊભો કરવાની" એમ કહેનાર ડૉ. કલામ શિક્ષણ વિશે પોતાનો વિચાર આ શબ્દોમાં વ્યકત કરે છેઃ "શિક્ષણ તો જ્ઞાન અને પ્રબુદ્ધતામાંથી પસાર થતી એક અનંત યાત્રા છે. આવી યાત્રા માનવતાના વિકાસનાં નવાં દ્વારો ખોલે છે જયાં સંકુચિતતા, ક્ષુદ્રતા, વિસંવાદ, ઈર્ષ્યા, વેર કે દુશ્મનાવટ માટે નથી તક કે નથી અવકાશ. તે તો માનવીને સુગ્રથિત પૂર્ણ માનવમાં પરિવર્તિત કરી નાખે છે અને એક ઉમદા ચેતના બનાવે છે. તેને વિશ્વની એક કિમતી જણસ બનાવે છે. સાચું શિક્ષણ તો માનવીના ગૌરવને ઊંચાઈ અર્પે છે અને તેની સ્વ-પ્રતિષ્ઠા અને વૈશ્વિક ભાતૃત્વને સારી રીતે વધારે છે.

લે. શાસ્ત્રી જયેન્દ્ર દવે. (સર્જનશીલ શિક્ષક-લેખમાંથી સાભાર. (શિક્ષણઃ ચિંતા અને ચિંતન) સં. દક્ષેશ ઠાકર

# યુનિવર્સિટી ન્યૂઝ

## Moot Court Competition







વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના લૉ ડિપાર્ટમેન્ટ દ્વારા ૭મી ઈન્ટર લો કોલેજ (વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત) મૂટ કોર્ટ કંપીટીશનનું આયોજન તા. ૨૩-૧૨-૧૫ના રોજ થયું હતું. કાનૂની શિક્ષણ આપતી યુનિવર્સિટી સંલગ્ન ૯ સંસ્થાઓને આમંત્રણ આપવામાં આવ્યું હતું જેમાં ૩ સંસ્થાઓએ ભાગ લીધો હતો.


આ સ્પર્ધામાં શાહ કે.એમ. લો કોલેજ વલસાડની ટીમ વિજેતા જાહેર થઈ હતી. ટીમમાં શ્રી પ્રેરક ભટ્ટ તથા શ્રીમતિ દેબસ્મીતા પ્રધાને ભાગ લીધો હતો.

નિર્ણાયક તરીકે સિનિયર એડવોકેટશ્રી મનીષભાઈ દેસાઈ તથા શ્રીમતિ શૃંગી દેસાઈએ સેવા આપી હતી.

કાનૂન વિદ્યાશાખના અધ્યક્ષ ડૉ. જે.ટી. દેસાઈએ ભાગ લેનાર તમામ સ્પર્ધકોને અભિનંદન પાઠવ્યા હતા. તેમજ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરનાર પ્રાધ્યાપકોને પણ અભિનંદન પાઠવ્યાં હતાં.

પસંદગી પામેલ ટીમ બાર કાઉન્સીલ ઑફ ઈન્ડિયા દ્વારા સ્પોન્સર્ડ ૩૧મી ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી મૂટ કોર્ટ કંપીટીશનમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનું પ્રતિનિધિત્વ દિલ્હી ખાતે કરશે.

## જન્મ જયંતી



ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના સ્વામી વિવેકાનંદની ૧૫૩મી જન્મજયંતીની ઉજવંીના પરિપત્રમાં અનુસંધાનમાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના ઉપક્રમે તા. ૧૨-૧-૧૬ના રોજ સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પ્રશ્ન સ્પર્ધા, નિબંધ સ્પર્ધા તેમજ ચિત્ર સ્પર્ધા ગોઠવવામાં આવેલ. વિવિધ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ. પ્રા. જિતેન્દ્ર એમ. અગ્રવાલે સ્વામી વિવેકાનંદના જીવન-કવન અંગેની વિગતો આપતું વ્યાખ્યાન આપેલ. તદપરાંત યુનિવર્સિટીના કાર્યકારી ગ્રંથપાલ ડૉ. બી.જે. અંકુચાના માર્ગદર્શન તળે સ્વામી વિવેકાનંદના ગ્રંથોનું પ્રદર્શન પણ યુનિવર્સિટી ગ્રંથાલયમાં કરવામાં આવેલ હતું. કાર્યક્રમનું આયોજન પ્રા. સોનલ દેસાઈ અને પ્રા. જિતેન્દ્ર અગ્રવાલે કર્યું હતું.

## ૪૩મો યુવક મહોત્સવ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પ્રાગંણમાં તા. ૯-૧૧ જાન્યુઆરી ૨૦૧૬ દરમ્યાન યોજાયેલ ૪૩મા યુવક મહોત્સવની કળાયાત્રામાં ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાન વિભાગ તૃતીય ક્રમે વિજેતા રહયું હતું. ગ્રંથાલયશાસ્ત્રના વિદ્યાર્થીઓએ ડૉ. બી.જે. અંકુચા, પ્રા. સોનલ દેસાઈ અને પ્રા. જિતેન્દ્ર અગ્રવાલના માર્ગદર્શન તળે ઉત્સાહભેર ભાગ લીધો હતો.

"વિશ્વવિદ્યાલય પ્રલેખન અને ગ્રંથયાત્રા"માં યુનિવર્સિટીની સુવર્ણ જયંતીને નજર સમક્ષ રાખીને ઓકટોબર ૨૦૦૮થી આજદિન સુધી યુનિવર્સિટીમા યોજાયેલ વિવિધ કાર્યક્રમોના આમંત્રણ કાર્ડ, યુનિવર્સિટીના વાર્ષિક અહેવાલ, બજેટ તેમજ અન્ય યુનિવર્સિટીના પ્રકાશનોનું નિદર્શન કરવામાં આવ્યું હતું. આ નિદર્શન થકી યુનિવર્સિટીના ભૂતકાળને જીવંત કરવામાં આવ્યો હતો. જેનું કુલપતિશ્રીએ ધ્યાનપૂર્વક નિરીક્ષણ કર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે સતત બીજા વર્ષે ગ્રંથાલયશાસ્ત્રના વિદ્યાર્થીઓએ કળાયાત્રામાં ભાગ લીધો છે અને વિજેતા નીવડી રહ્યો છે. ગ્રંથારાયશાસ્ત્રના વિદ્યાર્થીઓ છેલ્લા બે વર્ષની વિવિધ સ્પર્ધાઓ તેમજ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ભાગ લઈ રહ્યો છે તે માટે વિભાગના નવા નિમાયેલા શૈક્ષણિક સ્ટાફ દ્વારા મહેનત કરવામાં આવે છે.

# કોલેજ ન્યૂઝ

## ઉજવણી

ઉ સ્વામી વિવેકાનંદની ૧૫૩મી જન્મજયંતિ અંતર્ગત સન્ધાન કાર્યક્રમ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ નિહાળ્યો. ત્યારબાદ "સાંપ્રત સમયમાં વિવેકાનંદના વિચારો" વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. આ ઉપરાંત "સ્વામી વિવેકાનંદનું જીવનચરિત્ર" વિષય ઉપર નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેનું સંચાલન પ્રા.

વી.એસ. પાઠક, પ્રા. વી.એસ. પાઠક, પ્રા. એન. કે. પટેલ તથા પ્રા. જયનાબેન દેસાઈએ કર્યું. નિર્ણાયક તરીકે પ્રા. આઈ.પી. પટેલ તથા પ્રા. અનિતા એલ. મહેતાએ સેવા આપી. વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમે પટેલ જીજ્ઞેશા ટી.વાય.બી.એ. સેમેસ્ટર ૬ અને દ્વિતીય ક્રમે સુરતી સોનિકા એચ. એસ.વાય.બી.કોમ. સેમેસ્ટર-૪ વિજેતા બન્યા હતા.

- વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ. સુરતમાં વિવેકાનંદજીની ૧૫૩મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમની શુભ શરૂઆત પ્રાર્થના અને દીપપ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી. કોલેજનાં ઈ.આચાર્યશ્રી ડૉ. દિલીપભાઈ પટેલે તથા પ્રા. વલ્લભભાઈ ઠંટે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમ નિમિત્તે ''વિવેકાનંદજીના વિચારો'' પર ''વકતૃત્વ સ્પર્ધા'', ''પુસ્તક પરિચય સ્પર્ધા'' અને ''પોસ્ટર સ્પર્ધા''નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત ''વકતૃત્વ સ્પર્ધા''માં સિદ્દીકી ફાતીમા એફ. અને 'પુસ્તક પરિચય સ્પર્ધા'માં રાવલ અંકિયા ડી. એ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. તેમજ ''પોસ્ટર સ્પર્ધા''માં પ્રથમ ક્રમે મલેક નબીલા એચ., દ્વિતીય ક્રમે મિશ્ર નેહા કે., તૃતીય ક્રમે પટેલ ઉર્વિ બી., અને પટેલ સેજલ એસ. વિજેતા બન્યા હતા. જેમાં નિર્ણાયક તરીકેની ભૂમિકા પ્રા. વલ્લભભાઈ ઠંઠે તથા પ્રા. પ્રીતીબેન પટેલે ભજવી હતી. આ કાર્યક્રમમાં તાલીમાર્થીઓએ મોટા પ્રમાણમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં મેનેજીંગ ટ્રસ્ટી શ્રીમતી નીમાબેન જોષી તથા ઈ.આચાર્યશ્રી ડૉ. દિલીપભાઈ પટેલે અને અધ્યાપકોએ ભાગ લેનાર તાલીમાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. આ કાર્યક્રમમાં ઉદ્‌ઘોષિકા તરીકેની ફરજ તાલીમાર્થીની મિતાલી કે. લાડે ભજવી હતી.


- બી.જે. પટેલ (બી.એડ્. અને બી.સી.એ.), બારડોલીમાં સ્વામી વિવેકાનંદની ૧૫૩મી જન્મજયંતિ નિમિત્તે કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ દિવસને યુવા દિન તરીકે પણ ઉજવવામાં આવતો હોવાથી તાલીમાર્થીઓને પ્રોત્સાહન મળે તે માટે કોલેજના આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલે સ્વામીજીના પ્રસંગો અને તેમાં આપેલા સંદેશા વિશે સુંદર વકતવ્ય તથા પુસ્તક પ્રદર્શનનું આયોજન કર્યું હતું. કોલેજના પ્રા. ડૉ. કનુભાઈ સ્વાગીયાએ સ્વામી વિવેકાનંદે આપેલ જીવન સંદેશ વિશેનું વકતવ્ય તેમની આગવી વક્છટામાં રજૂ કર્યું હતું. સાથે સ્વામીજીના જીવન પ્રસંગો વર્ણવતા વિવિધ પુસ્તકો તેમજ તેમના વિશેની ગ્રંથમાળાઓનું પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું. જેનો બી.સી.એ. કોલેજના વિદ્યાર્થીઓ તથા બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓએ લાભ લીધો હતો. કાર્યક્રમનું સંચારાન પ્રા. ડૉ. મીનાબેન પરમારે કર્યું હતું.

- શ્રી સર્વોદય શિક્ષણ મંડળ સંચાલિત, બી.એડ્. કોલેજ, સુરત તા ૨૬-૧-૧૬ને મંગળવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સંસ્થાના માનદ્‌મંત્રીશ્રી મનહરભાઈ ચૌહાણ, તથા બી.સી.એ. કોલેજના આચાર્યશ્રી મેહુલભાઈ પટેલ, એન.જી. ગ્રુપના ડાયરેકટર શિરિશભાઈ પારેખ, શ્રેયસ સ્કુલના, ઈ.આચાર્યશ્રી કમલેશભાઈ પટેલ તથા કોલેજના ઈ.ચા. આચાર્યશ્રી સોનીયાબેન વાંસીયા, પ્રાધ્યાપક મિત્રો તેમજ કોલેજના તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. સંસ્થાના માનદ્‌મંત્રીશ્રી મનહરભાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. અંતે કોલેજના ઈ.ચા. આચાર્યશ્રી સોનીયાબેન વાંસીયાએ આભારવિધિ કરી હતી. આમ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. પ્રિયંકાબેન પટેલે કર્યું હતું. સમગ્ર કાર્યક્રમ શાંતિપૂર્વક પૂર્ણ થયો હતો.

- બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓએ ૬૭મો ગણતંત્ર દિવસ બીલીમોરા કોલેજ કેમ્પસના સંયુકત મેદાન ઉપર બધી સંસ્થાઓએ ભેગા મળીને શાનદાર રીતે ઉજવ્યો હતો. ધ્વજ પ્રમુખ તરીકે બીલીમોરા વિભાગ કેળવણી મંડળના ટ્રસ્ટી શ્રીમતિ કલ્પનાબેન પટેલે સેવા આપીને પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે મોટા મોટા ધ્યેયો પસંદ કરવાને બદલે પ્રત્યેક વિદ્યાર્થી પોતે અચૂક કરી શકે એવા લક્ષ્યો જેવા કે સદ્‌વ્યવહાર, વાણી ઉપર નિયંત્રણ, શિક્ષકો અને વડીલોને આદર, પર્યાવરણ સંરક્ષણ અંગે સભાનતા, સ્વચ્છતા વગેરે જેવા મુદ્દાઓ બાબતે સભાન બની સ્વસુધારની પ્રક્રિયા સૌપ્રથમ આદરવી જોઈએ. કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેલા દાતા પરિવારના સદસ્ય શ્રી વિજયભાઈ પટેલે પણ શિક્ષણની ગુણવત્તા, સતત વિકસી રહેલા આપણા દેશની નાગરિકો પાસેની અપેક્ષાઓ બાબતે મનનીય વિચારો વ્યકત કર્યા હતા. ત્યાર બાદ સંકુલની તમામ શૈક્ષણિક સંસ્થાઓના વ્યકિતગત રીતે અને સામુહિક રીતે સિધ્ધિ પ્રાપ્ત કરનાર તેજસ્વી વિદ્યાર્થીએને મેડલ અર્પણ કરીને અભિવાદન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સંકુલની તમામ સાત શૈક્ષણિક સંસ્થાઓએ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમમાં એક એક કૃતિ રજૂ કરીને દેશપ્રેમ ઉજાગર કરીને દેશ માટેની પોતની કટીબદ્ધતા દર્શાવી હતી. બીલીમોરા વિભાગ કેળવણી મંડળના પદાધિકારીશ્રીઓના માર્ગદર્શન, સહયોગ અને પ્રેરણા થકી તૈયાર થયેલ આ અર્થસભર અને સફળ કાર્યક્રમનું વ્યવસ્થાપન સહુ આચાર્યો અને NCC ના વડાશ્રી ડૉ. ભાવેશભાઈ દેવતાના માર્ગદર્શન હેઠળ થયું હતું. સમગ્ર કાર્યક્રમનું સુંદર અને અર્થસભર સભાસંચાલન બી.એડ્. કોલેજના પ્રિ. ડૉ. કિશોરભાઈ નાયકે સંભાળ્યું હતું. અંતમાં સૌ વિદ્યાર્થીઓને બિસ્કીટ અને ચોકલેટ વિતરિત કરી ગણતંત્ર દિવસની મધુર સ્મૃતિઓ સાથે કાર્યક્રમનું સમાપન કરાયું હતું.

- બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં તા. ૨૬મી જાન્યુઆરીના રોજ ૬૭માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે ધ્વજવંદન તથા પરેડનો કાર્યક્રમ ખૂબ જ ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો. કાર્યક્રમની શરૂઆતમાં ઉપસ્થિત સૌ મહેમાનોનું કોલેજના આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. આ પ્રસંગે ભારત એજયુકેશન ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ પટેલ, ઉપપ્રમુખશ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી, કોષાધ્યક્ષશ્રી મનિષભાઈ પટેલ, એમ.બી.એમ. કોન્વેન્ટ હાઉન્સ્કૂલના આચાર્યા ડૉ. દર્શનાબેન ધીવર તેમજ પુનિત ઈંગ્લીશ સ્કૂલના આચાર્યશ્રી ગિરીશભાઈ રાઠોડ પણ ઉપસ્થિત રહ્યાં હતા. કોલેજ પટાંગણમાં યોજાયેલ આ કાર્યક્રમના ધ્વજવંદન અધિકારી તરીકે બારડોલી નગરપાલિકાના માજી પ્રમુખ શ્રીમતી મયુરીકાબેન જાદવે ધ્વજ ફરકાવી વકતવ્ય રજૂ કરતા જાણાવ્યું હતું કે આ દિવસે આપણે સૌ સ્વચ્છતા અંગે સજાગ બની ભારત સ્વચ્છ રહે તે માટેના પ્રયત્નો કરવા જોઈએ. કોલેજના તાલીમાર્થીઓ દ્વારા પરેડ યોજવામાં આવી હતી. ધ્વજરક્ષક તાલીમાર્થી પ્રતિક ઢોડિયાએ ધ્વજવંદનનો દોર સંભાળ્યો હતો. પ્રા. કૌશિકભાઈ સોલંકીએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

## NSS



નવસારી નગરપાલિકા, બી.પી. બારીયા સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ, નવસારી, NSS વિભાગ તથા સ્વામી વિવેકાનંદ યુવક મંડળ

નવસારીના સંયુકત ઉપક્રમે રૂસ્તમવાડી વોર્ડ નં. ૨ નવસારીને દત્તક લેવાનો ઉદ્‌ઘાટન સમારોહ તા. ૩૧-૧૨-૧૫ના રોજ યોજવામાં આવ્યો હતો. સમારોહ અધ્યક્ષ તરીકે નવસારી નગરપાલિકા પ્રમુખ શ્રીમતી અલકાબેન દેસાઈ, નગરપાલિકા ચીફ - ઓફીસર શ્રી સંજયભાઈ સોની, ઉપપ્રમુખ શ્રી અશ્વિનભાઈ કાસુન્દ્રા, ચેરમેન શ્રી જયંતીભાઈ ગોપાણી, શ્રી હિમ્મતભાઈ, નરભેરામભાઈ ભાડજા, સ્વામી વિવેકાનંદ યુવક મંડળના પ્રમુખ શ્રી હસમુખભાઈ પટેલ, સ્થાનિક નિવાસી હરિમોહનજી તિવારી, સંસ્થાના ઈન્ચાર્જ આચાર્યા શ્રીમતી ડૉ. દીનાબેન ચાંપાનેરી, વાઈસ પ્રિન્સીપાલ મેજર આર.એન. ઠાકોર તથા સંસ્થાના NSS વિભાગના પ્રોગ્રામ ઓફીસર્સ તથા આમંત્રિત મહેમાનો અને રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવક ભાઈ-બહેનો, રૂસ્તમવાડીના રહીશો ઉપસ્થિત રહ્યાં હતા. સમારોહની શરૂઆત પ્રાર્થનાથી થઈ હતી. સ્વાગત પ્રવચન શ્રી હસમુખભાઈ પટેલે અને પ્રાસંગિક ઉદ્‌બોધન શ્રીમતી અલકાબેન દેસાઈ, શ્રી સંજયભાઈ સોની અને શ્રીમતી ડૉ. દીનાબેન ચાંપાનેરીએ કર્યું હતું. કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતાને લગતા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યા હતા. રૂસ્તમવાડી નવસારીને દત્તક લેવાની સમસ્ત રૂપરેખા પ્રા. ડૉ. વિનયભાઈ પટેલે તૈયાર કરી હતી. સમગ્ર સમારોહનું સંચાલન NSS પ્રોગ્રામ ઓફીસર શ્રીમતી એકતાબેન મયૂરભાઈ દેસાઈએ તથા આભારવિધિ ઓફીસર પ્રા. અજયભાઈ જોષીએ આટોપી હતી.

## શિબિર



ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, નવસારી જિલ્લાના ઉપક્રમે નવસારીની બી.પી. બારીયા સાયન્સ ઈન્સ્ટીટ્યુટનાં યજમાનપદે થેલેસીમીયા નાબૂદી અભિયાનનો શુભારંભ ૧૨મી જાન્યુઆરીએ થયો. થેલેસેમીયા નાબૂદી અભિયાન ઉદ્‌ઘાટક તરીકે નવસારી જિલ્લાના સમાહર્તા તથા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, નવસારી જિલ્લાના પ્રેસિડન્ટ માનનીય રામ્યા મોહન હાજર રહ્યાં હતાં. કાર્યક્રમની શરૂઆત કોલેજની વિદ્યાર્થિનીઓ દ્વારા રજૂ થયેલ પ્રાર્થનાથી થઈ હતી. સંસ્થાના ઈન્ચાર્જ આચાર્ય ડૉ. દીનાબેન ચાંપાનેરીએ હાજર સૌ મહેમાનોને આવકારી ઉમદા અભિયાનની શરૂઆત પોતાની સંસ્થાથી થઈ રહી હોવા પ્રત્યે આનંદની લાગણી વ્યકત કરી હતી. ડૉ. દીનાબેને વિદ્યાર્થીઓને થેલેસીમીયા પ્રત્યે જાગૃતિ કેળવવા અનુરોધ કર્યો હતો. ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી નવસારી જિલ્લાના ચેરમેન ડૉ. અતુલભાઈ દેસાઈએ થેલેસીમીયા રોગ વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. વારસામાં એ રોગ કેવી રીતે આવે એ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. લોહીની તપાસ દરમિયાન જો થેલેસીમીયાના લક્ષણ જણાય તો ભવિષ્યમાં શી કાળજી રાખવી તે વિશે ઈન્ડિયન રેડક્રોસ સંસ્થા તરફથી તથા વ્યકિતગત ધોરણે માર્ગદર્શન આપવાની જાહેરાત કરી હતી. પ્રસ્તુત પ્રસંગે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગુજરાત રાજય શાખાના ચેરપરસન ડૉ. મધુબેને વિદ્યાર્થીઓને તથા હાજર સૌને થેલેસીમીયા નાબૂદી કાર્યક્રમમાન્જાગૃતિ કેળવવા અપીલ કરી હતી શ્રી પ્રકાશભાઈ પરમારે થેલેસીમીયા મેજર રોગના ભોગ બનેલ વ્યકિતઓની કેટલીક સત્ય ઘટનાઓની વાતો કરી હતી. એવી ઘટના ન બને તે માટે અગમચેતીનાં પગલાં વિશે પણ જાણકારી આપી હતી. સમારંભના ઉદ્‌ઘાટક માનનીય રામ્યા મોહને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપતા કહયું હતું કે લગ્ન પહેલા જયોતિષનો સહારો લઈએ છીએ અને ઘણીવાર અંધશ્રદ્ધામાં સરી પડીએ છીએ. અંધશ્રદ્ધાથી દૂર રહી થેલેસીમીયાનું પરીક્ષણ કરાવી આગળ વધીએ તો ભવિષ્યમાં આવનાર સંતાનનું જીવન બચાવી શકીએ. ઉદ્‌ઘાટન પ્રસંગે પ્રોજેકટ ડોનર શ્રી ખુશાલભાઈ સાતેમ સેવા ફાઉન્ડેશનના શ્રી હર્ષદભાઈ પટેલ અને સ્નેહસેતુ ચેરીટેબલ ટ્રસ્ટ, નવસારીના શ્રીમતી ચેતનાબેન બીરલા, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી નવસારીના હોદ્દેદારો શ્રી તુષારભાઈ દેસાઈ, શ્રી કેરસીભાઈ દેબુ, શ્રી જશુભાઈ નાયક વગેરે, ગાર્ડા કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડૉ. ધર્મવીર ગુર્જર, સાયન્સ કોલેજના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતા. ઉદ્‌ઘાટન પ્રસંગનું સમાપન સંસ્થાના ઉપાચાર્ય પ્રા. આર.એન. ઠાકોરે આભારવિધિથી કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. કિર્તીદા વૈદ્યએ કર્યું હતું. ઉદ્‌ઘાટનના દિવસે જ એસ.બી. ગાર્ડા કોલેજ તથા બી.પી. બારીયા સાયન્સ ઈન્સ્ટીટયૂટના આશરે સાતસો અગિયાર જેટલા વિદ્યાર્થીઓના લોહીના નમૂના થેલેસીમીયાના પરીક્ષણ માટે લેવાયા હતા. વિદ્યાર્થીઓના લોહીના નમૂનાનું પરક્ષિણ વિના મૂલ્યે થયું હતું.

## સ્પર્ધા



દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ઈન્ટર કોલેજ વેઈટ લીફટીંગ (ભાઈઓ) ટૂર્નામેન્ટ ૨૦૧૫-૧૬નું આયોજન નારણલાલા કોલેજ, નવસારી ખાતે થયું હતું. આ સ્પર્ધામાં ૬૨ કિ.ગ્રા. વર્ગમાં સાંગલે નયન-ગોલ્ડ મેડલ, ૬૯ કિ.ગ્રા. વર્ગમાં કાદરી સોહેલ-ગોલ્ડ મેડલ, ૯૪ કિ.ગ્રા. વર્ગમાં સોની પાર્થ-સિલ્વર મેડલ, ૧૦૫ કિ.ગ્રા. વર્ગમાં ભટ્ટી મોહમદ-સિલ્વર મેડલ, ૭૭ કિ.ગ્રા. વર્ગમાં મુલતાની મોઈન-બ્રોન્ઝ મેડલ, ૮૫ કિ.ગ્રા. વર્ગમાં-બ્રોન્ઝ મેડલ આમ ૧૮ પોઈન્ટ સાથે ચેમ્પિયનશીપ હાસલ કરી. આ સિધ્ધી બદલ સાર્વજનિક એજયુકેશન સોસાયટીના ચેરમેન શ્રી, ઈ.આચાર્ય શ્રી, જીમખાના કમિટી અને સ્ટાફ પરિવાર તરફથી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યાં હતાં. અને તેમની અમુલ્ય સિધ્ધીને બીરદાવી હતી.



તા. ૯-૧-૧૬ શનિવારના દિને ઉધના એકેડેમી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત, ઉધના સિટીઝન કોમર્સ કોલેજ એન્ડ એસ.પી.બી. કોલેજ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન એન્ડ ઉધના એકેડેમી કોલેજ ઓફ કોમ્પુટર એપ્લીકેશન એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી કોલેજમાં વિવિધ આંતર કોલેજ સ્પર્ધાઓ જેવી કે ગુજરાતી ગીત, પુસ્તક સમીક્ષા, શીઘ્ર વકતૃત્વ, મેનેજમેન્ટ સ્કિલ્સ, ફેશન શો, પ્રેઝન્ટેશન સ્કીલ, આઈ.ટી. કવીઝ, માઈન્ડ સ્ટોર્મર, સ્કેવેન્જર હન્ટ અને વિવિધ આંતર શાળા સ્પર્ધાઓ જેમ કે, ટ્રેઝર હન્ટ,રશ અવર, ફેશન શો તથા બિઝનેસ કવીઝનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજના અંદાજિત ૨૨૮ જેટલા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ તેમજ સુરત શહેરની વિવિધ શાળાઓના આંદાજિત ૨૬૧ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ઉમળકાભેર ભાગ લીધો હતો. ટ્રસ્ટના પ્રમુખશ્રી રમેશચંદ્ર જી. દેસાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યુ હતું. કોલેજના ઈ.ચા. આચાર્ય ડૉ મેહુલ દેસાઈએ શાબ્દિક આવકાર આપ્યો હતો તથા સફળ આયોજન માટે તમામ સ્ટાફમિત્રોને અભિનંદન પાઠવ્યા હતા. તમામ આયોજનમાં બીબીએનાં ઉપાચાર્ય ડૉ. ડેઝી શેબી ઠેકકનાલ તથા બીસીએના ઉપાચાર્ય ડૉ. મનીષ એમ. કાયસ્થએ નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. પ્રા. પ્રતિક્ષા દેસાઈએ આભારવિધિ રજૂ કરી હતી.

બી.કે.એમ. સાયન્સ કોલેજ, વલસાડના વિદ્યાર્થીઓએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે ૪૩માં યુવક મહોત્સવમાં વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. જેમાં હસ્તકલા સ્પર્ધામાં કોલેજની એસ.વાય.બી.એસસી.માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની કુ.નિધિ એમ. પટેલ સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમે વિજેતા જાહેર થયા છે અને સ્વ. ઠાકોરભાઈ વિજય પદ્મ પ્રાપ્ત કર્યો છે. સ્પર્ધામાં વિજતા થવા બદલ કોલેજના આચાર્યશ્રી ડૉ. વિકાસ દેસાઈએ વિદ્યાર્થિનીને અભિનંદન પાઠવી, ભવિષ્યમાં પણ વિજેતા બને એવી શુભેચ્છા પાઠવી હતી. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે વિદ્યાર્થીઓને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષ ડૉ. ટી.જી. ગોહીલે, ડૉ. કે.ડી. દેસાઈ અને ડૉ. કલ્પેશ પટેલે માર્ગદર્શન પુરુ પાડયું હતું.

સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત શહેરની અગ્રણી કોલેજ, સર કે.પી. કોલેજ ઓફ કોમર્સમાં, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી વિસ્તારની ઈન્ટર કોલેજ હસ્તકલા સ્પર્ધાનું કલાત્મક આયોજન તા. ૬-૧-૧૬ના રોજ કરવામાં આવ્યું હતું. કોલેજના ઈન્ચાર્જ આચાર્યા શ્રીમતી ડૉ. પી.પી. જરીવાલાના માર્ગદર્શન અને શુભેચ્છાથી યોજાયેલ આ સ્પર્ધાની શુભ શરૂઆત આચાર્યા શ્રીમતી ડૉ. પી.પી. જરીવાલા અને ઉપાચાર્ય શ્રી પ્રા. યુ.એમ. પટેલ સાહેબના શુભહસ્તે દીપ પ્રાગટય કરીને કરવામાં આવ્યું હતું. આચાર્યા અને ઉપાચાર્યશ્રીએ સૌ સ્પર્ધકોને ભાવભીના આવકાર આપીને સૌને અદ્‌ભૂત કલાનું સર્જન કરવાની શુભકામનાઓ પાઠવી હતી. ભરૂચથી લઈ વાપી સુધીની વિવિધ કોલેજના ૫૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લઈ સ્પર્ધાને રોમાંચક બનાવી હતી અને એક એકથી ચડીયાતી હસ્તકલાનું અદભૂત દર્શન કરાવ્યું હતું. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે પ્રા. અને કલાકાર શ્રીમતી પૂર્ણિમાબેન પંચોલી અને પ્રા. શ્રીમતી ધરાબેન દેસાઈએ ઉમદા સેવા આપી હતી. સ્પર્ધાના અંતે આચાર્યા ડૉ. પી.પી. જરીવાલા, ઉપાચાર્યશ્રી પ્રા. યુ.એમ. પટેલ તથા મહેમાનોના શુભહસ્તે દરેક વિજેતાશ્રીઓને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. તેમજ દરેક સ્પર્ધકોને પાર્ટીસિપેટીંગ સર્ટીફિકેટ આપવામાં આવ્યા હતા. સૌ વિજેતાશ્રીઓને આચાર્યા શ્રીમતી ડૉ. પી.પી. જરીવાલા તથા સમગ્ર સ્ટાફ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા. વિજેતાઓના નામઃ પ્રથમ-કુ. પ્રિયંકા જૈન (ડી.આ.બી. કોમર્સ કોલેજ, ભરથાણા, સુરત), દ્વિતીય-કુ. પ્રિયાંશી રૂવાલા (એસ.ડી. જૈન કોલેજ, સુરત), તૃતીય વિજેતા-કુ. આરતી સાલવે (અખંડ આનંદ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સુરત), આશ્વાસન ઈનામ-કુ. વંદન લાખાણી (એસ.ડી.જૈન કોલેજ, સુરત), કુ. ભૂમી જોષી (શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ). સર કે.પી. કોલેજ ઓફ કોમર્સના વિજતા : પ્રથમ-કુ. જયોતિ લુહાણીવાલા (ટી.વાય.બી.કોમ.), દ્વિતીય-કુ. નીધિ ગામીત (ટી.વાય.બી.કોમ.), તૃતીય-કુ. વિશા શાહ (ટી.વાય.બી.કોમ.), આશ્વાસન ઈનામ-કુ. શાહિન રાણા (એસ.વાય.બી.કોમ.).

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી વિસ્તારની સાર્વજનિક એજયુકેશન સોસાયટી સંચાલિત અગ્રણી કોલેજ, સર કે.પી. કોલેજ ઓફ કોમર્સમાં, તા. ૫-૧-૧૬ને મંગળવારના રોજ ઈન્ટર કોલેજ કાવ્યપઠન સ્પર્ધાનું કલાત્મક, ઉમદા આયોજન કરવામાં આવ્યું હતું. શરૂઆતમાં કોલેજના ઈન્ચાર્જ આચાર્યા શ્રીમતી ડૉ. પી.પી. જરીવાલાએ સૌ મહેમાનો, નિર્ણાયકો અને સ્પર્ધકોને ભાવભીનો આવકાર આપ્યો હતો અને સૌને શુભકામના પાઠવી હતી. વાપીથી ભરૂચ સુધીની વિવિધ કોલેજના ૬૦ જેટલા ઉગતા કવિઓએ પોતાની કવિતા, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, મરાઠી, ઉર્દૂ અને અંગ્રેજી ભાષામાં રજૂ કરી હતી અને એમના કાવ્યપઠનથી સૌ પ્રેક્ષકગણોના હૃદય જીતી લીધા હતા. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે ગુજરાતના ખ્યાતિપ્રાપ્ત કવિયત્રી, નાટયકાર શ્રીમતી યામિનીબેન વ્યાસ, તથા પ્રા. જૈનિશભાઈ ભગતે ઉમદા સેવા આપી હતી. તેમજ તેઓશ્રીઓએ પણ કાવ્યપઠન કરીને સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. સ્પર્ધાના અંતે કોલેજના ઈન્ચાર્જ આચાર્યા શ્રીમતી ડૉ. પી.પી. જરીવાલા તથા ઉપાચાર્ય તેમજ મહેમાનોને શુભહસ્તે ટ્રોફી તેમજ દરેક સ્પર્ધકોને સર્ટીફિકેટ આપવામાં આવા હતા અને સૌને અતઃકરણપૂર્વક આભાર માન્યો હતો. સ્પર્ધાના પરિણામો : પ્રથમ-શ્રી ચિંતન સોનવણે (એમ.ટી.બી. આર્ટસ કોલેજ, સુરત), દ્વિતીય-કુ. પલક પાઠક (એસ.પી.બી. ઈગ્લીશ મિડીયમ કોલેજ, સુરત), તૃતીય-શ્રી જીજ્ઞેશ સોલંકી (એમ.ટી.બી. આર્ટસ કોલેજ, સુરત), આશ્વાસન ઈનામ-કુ. હેતલ કટારીયા (એસ.વી. પટેલ કોલેજ, સુરત), શ્રી ગિરીશ (અખંડ આનંદ કોલેજ, સુરત). સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, કોલેજના પરિણામો : પ્રથમ-કુ. શાહિન રાણા, દ્વિતીય-કુ. ખ્યાતિ કંથારીયા, શ્રી નિલેશ નાહિર, તૃતીય-કુ. તુલસી ચૌહાણ.



નવયુગ સાયન્સ કોલેજનો વાર્ષિકોત્સવ અને સંગીત ઉષાનો કાર્યક્રમ તા. ૩૧ ડિસેમ્બર ગુરૂવારના રોજ કોલેજ ગ્રાઉન્ડ પર યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ સંગીત, નૃત્ય અને મીમીક્રીના વિવિધતા સભર કાર્યક્રમ રજૂ કર્યા હતા. આ પ્રસંગે જી.એસ. કુ. વંશીકા સોલીયા અને સ્ટુડન્ટ કાઉન્સીલના સભ્યો દ્વારા આચાર્યશ્રી ડૉ. અશ્વિનભાઈ પટેલ, વિદ્યાર્થીમંડળના અધ્યક્ષ ડૉ. જે.કે. પટેલ તેમજ નવયુગ પરિવારના સભ્યો અને આમંત્રિત મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. જી.એસ. તરફથી તમામ વિદ્યાર્થીઓ માટે અલ્પાહારાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડૉ. અશ્લિન પટેલે વિદ્યાર્થીઓને પ્રાસંગિક ઉદ્‌બોધન કરી સાંસ્કૃતિક વારસો જાળવી રાખવા માટેનો સંદેશ આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન ડૉ. જે.પી. દવે અને ડૉ. કેતકી મિસ્ત્રી, ડૉ.

એમ.જે. શાહ અને પ્રો. એ.એમ. કડવેએ પૂરું પાડયું હતું. કાર્યક્રમને અંતે ફોટોફંકશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ગૌરવ

નવયુગ સાયન્સ કોલેજના વિદ્યાર્થી અને વલસાડના રહેવાસી શ્રી જીતેશ હસમુખભાઈ ટેલરને તેમના શોધ મહાનિબંધ 'સિન્થેસીસ, કરેકટરાઈઝેશન એન્ડ બાયોલોજીકલ એકટીવીટી ઓફ ડાયબેન્ઝો (બી.એફ.) (૧,૪) થાયઝેપીન ડેરીવેટીવ' ને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ માન્ય રાખી પીએચ.ડી.ની. પદવી એનાયત કરી છે. તેઓ હાલમાં પી.આઈ.ઈન્ટસ્ટ્રીઝ લી. (ઉદેપુર-રાજસ્થાન)માં સીનીયર રીસર્ચ આસીસ્ટન્ટ તરીકે ફરજ બજાવી રહ્યાં છે. આ સંશોધનકાર્ય તેમણે નવયુગ સાયન્સ કોલેજના કેમેસ્ટ્રી ડીપાર્ટમેન્ટના હેડ ડૉ. જી.એમ. મલીકના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કર્યું છે. નવયુગ સાયન્સ કોલેજના આચાર્ય ડૉ. એ.એસ. પટેલ અને કોલેજ પરિવાર તેમને અભિનંદન પાઠવે છે.

## પસંદગી



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની હોકી ભાઈઓની ટીમની પસંદગી દોલત ઉષા ઈન્સ્ટીટયુટ, વલસાડ ખાતે યોજાઈ હતી. જેમાં અમારી કોલેજના એફ.વાય.બી.એસ.સી. સેમેસ્ટર-૧નો વિદ્યાર્થી પટેલ મિહિર બી. યુનિવર્સિટીની હોકી ભાઈઓની ટીમમાં પસંદગી પામ્યા હતા. વેસ્ટ ઝોન આંતર યુનિવર્સિટી હોકી ભાઈઓની સ્પર્ધા એમ.એલ.એસ. યુનિવર્સિટી, ઉદયપુર મુકામે યોજાઈ હતી જેમાં તેઓએ આપણી યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરી કોલેજનું ગૌરવ વધાર્યું હતું. તેમની આ સિદ્ધિ બદલ કોલેજના આચાર્યશ્રી ડૉ. અશ્વિનભાઈ પટેલ, શારીરિક શિક્ષણના પ્રાધ્યાપક શ્રી ધર્મેશ પટેલ, જીમખાના સમિતિ તેમજ કોલેજના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ અભિનંદન પાઠવે છે.

## પરિસંવાદ

કોલેજ ઓફ એપ્લાઈડ સાયન્સીસ એન્ડ પ્રોફેશનલ સ્ટડીઝ, ચીખલીમાં ગ્રંથપાલ તરીકે ફરજ બજાવતા શ્રી મનીષકુમાર સુમનભાઈ પટેલે સોમનાથ (પ્રભાસ પાટણ) ખાતે તા. ૮-૯-૧૦ જાન્યુઆરી ૨૦૧૬ના રોજ યોજાયેલ ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ, અમદાવાદનો ૩૨મો ત્રિદિવસીય પરિસંવાદમાં "ગ્રંથાલયો દ્વારા ગ્રામીણ વિકાસમાં એક ક્રાંતિકારી વૃધ્ધિ" વિષય ઉપર પેપર રજૂ કર્યું હતું અને આ પરિસંવાદમાં ૪૦ વર્ષથી નીચેના ગ્રંથપાલો તથા શિક્ષકોના વર્ગમાં પ્રથમ સ્થાન (બેસ્ટ ઓફ પેપર) પ્રાપ્ત કરી કોલેજ તેમજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતને ગૌરવ અપાવ્યું છે. અહી ઉલ્લેખનીય છે કે આ કેટેગરીમાં વર્ષ ૨૦૧૪માં દ્વારકા ખાતે યોજાયેલ ૪થા રાષ્ટ્રીય પરિસંવાદમાં પણ પ્રથમ સ્થાન (બેસ્ટ આફ પેપર) પ્રાપ્ત કર્યો હતો. આ સિદ્ધિ માટે ચીખલી કોલેજના મે. ટ્રસ્ટીશ્રી અરવિંદભાઈ દેસાઈ, સેકેટરીશ્રી દર્શનભાઈ દેસાઈ અને ઈ.ચા. આચાર્યશ્રી અશોકસિંહ સોલંકી તથા કોલેજ પરિવાર તરફથી અભિનંદન આપી ભવિષ્યમાં આ પ્રકારની સિધ્ધિઓ મેળવવાં માટે શુભકામના પાઠવેલ છે.

## કાર્યક્રમ

કા અભિવન એજયુકેહાન ટ્રસ્ટ સંચાલિત વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્., બી.બી.એ., બી.કોમ. અને બી.સી.એ.ના સંયુકત ઉપક્રમે ૬૭માં પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિત્તે સંસ્થાના ટ્રસ્ટીશ્રી મેહુલભાઈ જોષીના વરદ્ હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં કોલેજના ટ્રસ્ટી શ્રીમતી નીમાબેન જોષી, સંસ્થાના વડીલશ્રી ગાંધી સાહેબ, કેમ્પસ ડાયરેકટરશ્રી તેમજ દરેક વિદ્યાશાખાના આચાર્યશ્રીઓ તથા અધ્યાપકગણ અને વિદ્યાર્થી ભાઈઓ-બહેનોએ ઉપસ્થિત રહી ધ્વજવંદન કર્યું હતું. બી.એડ્.ની તાલીમાર્થીની પટેલ અંજના એન. તથા એફ.વાય.બી.બી.એ.ના વિદ્યાર્થી જેન યશ ડી. અને જયોર્જ એલેક એ.એ. દેશભકિત ગીતની રજૂઆત કરી હતી. આ કાર્યક્રમમાં ઉદ્‌ઘોષિકા તરીકેની સેવા બી.એડ્.ની તાલીમાર્થીની નેહા કે. મિશ્રાએ આપી હતી.

કા બી.જે. પટેલ કોલજ ઓફ એજયુકેશન, બારડોલીમાં સપ્તધારા-જ્ઞાનધારા અંતર્ગત ગ્રંથાલય પ્રવૃત્તિ હેઠળ પ્રેરણા સભાનું આયોજન કોલેજના ગ્રંથપાલ શ્રી અશોકભાઈ રાઠોડે કર્યું હતું. કાર્યક્રમની શરૂઆત સુમધુર શ્લોકથી કરવામાં આવી હતી. ત્યાર બાદ વકતાશ્રીનો પરિચય તથા પ્રાસંગિક ઉદ્‌બોધન તેમજ કોલેજની પરંપરા મુજબ પુસ્તક પુષ્પથી સ્વાગત ડૉ. કિન્નરીબેન પટેલે કર્યું હતું. પ્રેરણાસભાના વકતા તરીકે બારડોલીની આર્ટસ એન્ટ કોમર્સ કોલેજના મનોવિજ્ઞાન વિભાગના એસોસિએટ પ્રોફેસર શ્રી ચેતનકુમાર રામપરીયાએ 'પુસ્તકો અને વાચનનું જીવનમાં મહત્ત્વ' વિષય પર એલ.સી.ડી. પ્રોજેકટર દ્વારા અસરકારક વકતવ્ય રજૂ કર્યું હતું. તેમણે તાલીમાર્થીઓને ભવિષ્યમાં શિક્ષક તરીકે બાળકોનું ઉત્તમ ચણતર કરવા પુસ્તકો સાથે મૈત્રી કરી વાંચન પર ખૂબ ભાર મૂકયો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રા. પલ્લવીબેન પટેલે કર્યું હતું.

## વકતવ્ય

બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન અને ગાયત્રી પરિવાર, બારડોલીમાં સંયુકત રૂપક્રમે Teaching Techniques વિષયને કેન્દ્રમાં રાખીને એક વકતવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત ઈશ્વરીય વંદનાથી કરવામાં આવી. ત્યારબાદ કોલેજના આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલ દ્વારા મહેમાનોને આવકારી પ્રાસંગિક ઉદ્‌બોધન રજૂ કરવામાં આવ્યું હતું. દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય, હરિદ્વારથી એમ.એ. એજયુકેશનના ઈન્ટર્નશીપ માટે આવેલ વિદ્યાર્થિની બહેનો દ્વારા જુદી-જુદી શિક્ષણ પદ્ધતિઓનો વિનિયોગ કઈ રીતે કરી શકાય તે વિશેની સમજ વકતવ્ય દ્વારા ખુબ સુંદર રીતે આપવામાં આવી હતી. ત્યારબાદ તાલીમાર્થીઓમાં શારીરિક તંદુરસ્તી જળવાઈ રહે તે માટે યોગશિક્ષણનો કાર્યક્રમ પણ કરવામાં આવ્યો હતો. જેમાં સુર્યનમસ્કાર, અનુલોમ વિલોમ, ભામરી યોગ, સવાસન વગેરે જેવા આસનો સાથે તેનાથી થતા ફાયદા સહિત કરાવવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે આભારવિધિ પ્રા. જયેશભાઈ સોલંકીએ તથા સંચાલન પ્રા. દિનકરભાઈ ટંડેલે કર્યું હતું.

## સેમિનાર

સે શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરામાં KCG ગુજરાત રાજય પ્રેરિત ઉદિશા પ્રકલ્પ અંતર્ગત તા. ૨૨-૧-૧૬ને શુક્રવારના રોજ પ્રશિક્ષણાર્થીઓ માટે 'ટાઈમ મેનેજમેન્ટ' સંદર્ભે એક દિવસીય સેમિનાર યોજાયો હતો. ઉદ્‌ઘાટન સમારંભમાં સુંદર પ્રાર્થના બાદ

દીપપ્રાગટ્ય થકી કાર્યક્રમને ખુલ્લો મુકાયો. ઉદ્ઘાટક અને અધ્યક્ષશ્રી નવસારી ડાયેટના યશસ્વી પ્રાચાર્ય શ્રી યોગેશભાઈ પટેલનું સંસ્થાના સુકાની ડૉ. કિશોરભાઈ નાયકે સ્વાગત કરી સેમિનારની પૂર્વભૂમિકા સ્પષ્ટ કરી હતી ત્યારબાદ શ્રી યોગેશભાઈ પટેલે સમયના મહત્વ સંબંધી સુંદર માર્ગદર્શક વાતો વિવિધ દ્રષ્ટાંતો દ્વારા રજૂ કરી હતી. સેમિનારના પ્રથમ સેશનમાં વકતા પ્રા. ડૉ. કલ્પેશભાઈ ટંડેલે 'સમયના બચાવ' વિષય પર વિડિયોકલીપની મદદથી સમયના બચાવમાં રાખવાની કાળજીઓ વિશે અસરકારક રીતે વિવિધ ઉદાહરણ દ્વારા રજુઆત કરી હતી બીજા સેશનનાં વકતા ડૉ. વિનયભાઈ પટેલે TO DO LIST અને TIME MANAGEMENT MATRIX એવા બે ઉપકરણોના માધ્યમથી સમયનો શ્રેષ્ઠતમ ઉપયોગ કેમ કરી શકાય તે બાબત વિવિધ ઉદાહરણ તથા વિડિયો કલીપની મદદથી સમજાવવાનો સફળ પ્રકાસ કર્યો હતો. ત્રીજા સેશનમાં પ્રા. ડૉ. ગાયત્રીબેન પટેલે 'જોબ એપ્લીકેશન' વિષય પર પોતાનું પ્રેરક અને ઉપકારક વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં તેમણે જોબ એપ્લીકેશન કેવી રીતે લખાય અને તે માટેના કૌશલ્યો વિશે ચર્ચા કરી હતી. સેમિનારના ચોથા સેશનમાં વકતા પ્રા. ડૉ. શીતલબેન વસાવા એ 'સમયનું સંચાલન એટલે વ્યકિતગત સંચાલન' વિષય પર વિડિયો કલીપના માધ્યમથી સમયના સંચાલનમાં વિવેક કેવી રીતે ઉપયોગી થાય તે બાબતે સમજાવવાનો સંદર પ્રયાસ કર્યો હતો. અંતે સેમિનારના સમાપન સમારંભમાં અધ્યક્ષ સ્થાને બિરાજમાન વી.એસ. કોલેજના મેજરની પદવી પ્રાપ્ત પ્રા. ડૉ. ભાવેશભાઈ દેવતાનું સ્વાગત કરી આચાર્યશ્રીએ સમગ્ર કાર્યક્રમના સારાંશ વિશે વિવિધ ઉદાહરણ દ્વારા રસપ્રદ માહિતી પૂરી પાડી હતી. તથા સમયનું જીવનમાં કેટલું મહત્વ છે તે ફલિત કરવાનો સભાન પ્રયત્ન કર્યો હતો. સમાપન સમારંભના અધ્યક્ષશ્રી ડૉ. ભાવેશ દેવતાએ પણ સમયનાં મહત્વ વિશે ખૂબ સુચારું વ્યવહારું દ્રષ્ટાંતો દ્વારા વાતો કરી હતી. અંતમાં કોલેજના ત્રણ તાલીમાર્થીઓએ સેમિનાર વિશે ભરપૂર સંતોષ દર્શાવતા અભિપ્રાયો આપ્યાં હતાં. ઉદ્ઘાટન સમારંભ કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. નમ્રતાબેન કે. પટેલે કર્યું હતું અને આભારવિધિ પ્રા. ડૉ. કલ્પેશભાઈ ટંડેલે કરી હતી. સમાપન સમારંભ કાર્યક્રમનું સંચાલન કોલેજના જી.એસ. કુ. ચાંદનીબેન પટેલે કર્યું હતું અને આભારવિધિ પ્રા. ડૉ. નમ્રતાબેન પટેલે કરી હતી.



સ રોફેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વાપી તથા નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ માસ કોમ્યુનીકેશન એન્ડ જર્નાલિઝમ (NIMCJ), અમદાવાદના સંયુકત ઉપક્રમે, ઉદિશા કલબ અંતર્ગત એક દિવસીય "મીડીયા ઓરિયેન્ટેશન વર્કશોપ" તા. ૨૯-૧-૧૬ના રોજ કોલેજ ખાતે યોજવામાં આવ્યો હતો. કોલેજના આચાર્યા ડૉ. એચ. એ. દેસાઈએ વિદ્યાર્થીઓ મિડિયા, જર્નાલિઝમ ક્ષેત્ર ઉજ્જવળ કારકિર્દી ઘડવા આગળ આવે તેવા ઉમદા હેતુથી આ વર્કશોપનું આયોજન કર્યું હતું. આ વર્કશોપની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ઉદિશા કલબના કો-ઓર્ડિનેટર પ્રા. ડૉ. એચ.એમ. ટંડેલ દ્વારા વિદ્યાર્થીઓને તેમની રોજગારી ક્ષમતા (Employability) વધારવાના ઉદ્દેશથી તથા મિડિયા ક્ષેત્રે કારકિર્દી ઘડતરની દિશામાં UDISHA કલ્બની પ્રવૃત્તિનો ખ્યાલ આપ્યો હતો. NIMCJના આસિસ્ટન્ટ ડાયરેકટર પ્રા. ઈલા ગોહેલ મિડિયા એ કારકિર્દી ઘડવા માટેનું ઉત્તમ અને ઉજ્જવળ ક્ષેત્ર છે અને તેમાં ૧૦૦% રોજગારલક્ષી કોર્ષ હોઈ તેમાં કારકિર્દી બનાવવા પ્રેરણા પૂરી પાડી હતી. પ્રા. શ્રી કૌશલ ઉપાધ્યાય એ ઈલેકટ્રોનિક મિડિયા, ડિજીટલ મિડયા, ફોટોગ્રાફી અને વિડિયો ગ્રાફીના વિવિધ પાસાઓ, ડિજીટલ કેમેરાના ફંકશનનો આબેહુબ ખ્યાલ આપ્યો હતો. તેમના દ્વારા "સ્વચ્છતા અભિયાન" ના થીમ ઉપર વિદ્યાર્થીઓ દ્વારા જ સોશિયલ મેસેજ આપતી એક શોર્ટ ફિલ્મનું નિર્માણ કર્યું હતું. જેની સ્ક્રીપ્ટ, અભિનય, વિડિયોગ્રાફી વગેરે વિદ્યાર્થીઓ દ્વારા પાર પાડવામાં આવ્યું હતું. પ્રા. શશીકાંત ભગતે પ્રિન્ટ મિડિયા, એડવર્ટાઈઝીંગ અને પબ્લિક રિલેશન, એડ ફિલ્મનો સવિસ્તાર ખ્યાલ આપ્યો હતો. વિદ્યાર્થીઓએ ફોટોગ્રાફી, એડ ફિલ્મ, વિડિયોગ્રાફીનો પ્રેકિટકલ અનુભવ લીધો હતો. પ્રા. ડૉ. આર.બી. મહેતાએ વર્કશોપના અંતે આભારવિધી આટોપી હતી.

## સંપાદકીય નોંધ

સુજ્ઞજનો,

'દક્ષિણાયન'ના પ્રકાશન માટે જે સામગ્રી મોકલવામાં આવે છે તે સંબંધી કેટલીક બાબત ધ્યાન પર લેવા વિનંતી.

૧) સંસ્થાઓ, કોલેજોમાં થતાં સેમિનર, શિબીર, કાર્યક્રમો, ઉત્સવો, સ્પર્ધાઓ વિશે જે અહેવાલ મોકલો એમાં વધુ પડતા વ્યકિતનામો હોય તેના બદલે કાર્યક્રમના હાર્દ, સૂચિતાર્થો અને લક્ષ્યો પર ધ્યાન અપાય તે ઈચ્છનીય છે.

૨) ફોટોગ્રાફ અહેવાલને મજબૂતી આપે છે તે હકીકત હોવા છતાં પાનાઓની મર્યાદાઓને ધ્યાનમાં રાખી એકાદ ફોટો જ મોકલવો.

૩) આગામી કાર્યક્રમો - ખાસ કરીને સેમિનાર, શિબિર કે કોન્ફરન્સની જાહેરાતરૂપ નોંધ પ્રકાશિત કરવા ઈચ્છતી સંસ્થાઓએ એક મહિના પહેલા માહિતી આપવી જરૂરી છે.

૪) કોલેજકક્ષા, યુનિવર્સિટી કક્ષા, રાજ્ય કે રાષ્ટ્રીય, આંતર રાષ્ટ્રીય લેવલ-ની સ્પષ્ટતા કરવાથી ઉચિત વર્ગીકરણ કરી શકાય.

આપ સૌના સહકાર બદલ આભાર. હવેથી અહેવાલો નીચેના સરનામે અને ઈ-મેઈલ રૂપે મોકલવા વિનંતી.

ડૉ. નરેશ શુકલ.
shuklanrs@yahoo.co.in

VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

Editor : Dr. Naresh Shukla, Department of Gujarati
Published by : Dr. J R Mehta, Registrar
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com